દોઢ સદી પાર, નવી સદીઓ માટે તૈયાર
ગુજરાતમિત્ર ૧૬૪ વર્ષ
ગુરુવાર ૧ ઑક્ટોબર, ૨૦૨૬

ભારતનો વાર્ષિક ઉદ્યોગ સર્વેક્ષણ રિપોર્ટ ઉત્સાહજનક પરંતુ જળવાઈ તે જરૂરી

ઈપણ દેશના આર્થિક વિકાસ અને મહાસત્તા બનવાના સ્વપ્નનો પાયો તેના ઔદ્યોગિક માળખા અને મેન્યુફેક્ચરિંગ (ઉત્પાદન) ક્ષેત્ર પર રહેલો છે. તાજેતરમાં કેન્દ્રીય આંકડા અને કાર્યક્રમ અમલીકરણ મંત્રાલય (MoSPI) દ્વારા જાહેર કરવામાં આવેલો નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ નો 'વાર્ષિક ઉદ્યોગ સર્વેક્ષણ' નો રિપોર્ટ ભારતીય અર્થતંત્ર માટે અત્યંત ઉત્સાહજનક અને ઐતિહાસિક ચિત્ર રજૂ કરે છે. આ સર્વેક્ષણના આંકડા સ્પષ્ટપણે દર્શાવે છે કે ભારતની ઔદ્યોગિક ક્રાંતિને હવે ખરા અર્થમાં પાંખો મળી ચૂકી છે અને દેશ મેન્યુફેક્ચરિંગ હબ બનવાની દિશામાં મક્કમ ગતિએ આગળ વધી રહ્યો છે.

સૌથી મોટી અને આવકારદાયક બાબત એ છે કે દેશના ઉદ્યોગોમાં કુલ રોજગારીનો આંકડો ૨ કરોડના ઐતિહાસિક માઈલસ્ટોનને વટાવીને ૨.૧૦ કરોડે પહોંચી ગયો છે. પાછલા વર્ષ ૨૦૨૩-૨૪ ના ૧.૯૬ કરોડના આંકડાની સરખામણીએ રોજગારીમાં ૭.૧૯ ટકાનો મજબૂત ઉછાળો નોંધાયો છે. આ વૃદ્ધિમાં મેન્યુફેક્ચરિંગ ક્ષેત્રે સિંહફાળો આપ્યો છે, જેમાં એકલા આ ક્ષેત્રે ૧૪ લાખથી વધુ નવા કામદારો ઉમેરાયા છે. યુવાધનથી છલકાતા આપણા દેશમાં દર વર્ષે લાખો યુવાનો રોજગારીની શોધમાં બજારમાં પ્રવેશે છે, ત્યારે ઉત્પાદન ક્ષેત્રે ઉભી કરેલી આ ૧૪ લાખ નવી નોકરીઓ દેશના આર્થિક અને સામાજિક સ્વાસ્થ્ય માટે એક સંજીવની સમાન છે.

ઘણીવાર એવો પ્રશ્ન ઉઠતો હોય છે કે નવી રોજગારી તો ઉભી થઇ રહી છે, પરંતુ શું તે ગુણવત્તાયુક્ત છે? શું તેમાંથી કામદારોને યોગ્ય વળતર મળે છે? ASI નો આ રિપોર્ટ આ પ્રશ્નનો ખૂબ જ સકારાત્મક જવાબ આપે છે. સર્વેક્ષણ મુજબ, કર્મચારીઓને ચૂકવવામાં આવતા વેતન અને ભથ્થાંમાં ૧૨.૦૮ ટકાનો જંગી વધારો જોવા મળ્યો છે. આ આંકડો દર્શાવે છે કે માત્ર રોજગારીનું પ્રમાણ જ નથી વધ્યું, પરંતુ ઔદ્યોગિક કામદારોની આવક અને જીવનધોરણમાં પણ નોંધપાત્ર સુધારો થયો છે. ઉત્પાદકતા વધવાની સાથે ઉદ્યોગો તેનો લાભ પોતાના કર્મચારીઓ સુધી પહોંચાડી રહ્યા છે, જે એક પરિપક્વ અર્થતંત્રની નિશાની છે.

દેશના ઔદ્યોગિક વિકાસમાં પ્રાદેશિક યોગદાન પર નજર કરીએ તો પાંચ રાજ્યો - તમિલનાડુ, મહારાષ્ટ્ર, ગુજરાત, ઉત્તર પ્રદેશ અને હરિયાણાએ પોતાનો દબદબો જાળવી રાખ્યો છે. દેશની કુલ ઉત્પાદન રોજગારીમાં આ પાંચ રાજ્યોનો સંયુક્ત હિસ્સો આશરે ૫૬ ટકા જેટલો છે. દેશમાં નોંધાયેલા ઉત્પાદન એકમો (ફેક્ટરીઓ) ની કુલ સંખ્યા ૨.૬૦ લાખથી વધીને ૨.૬૭ લાખ થઈ ગઈ છે. જેમાં ૪૧,૨૨૧ ફેક્ટરીઓ સાથે તમિલનાડુ પ્રથમ, ૩૩,૦૮૪ એકમો સાથે આપણું ગુજરાત દ્વિતીય અને ૨૭,૩૭૯ એકમો સાથે મહારાષ્ટ્ર ત્રીજા સ્થાને બિરાજમાન છે. જોકે, ગ્રોસ વેલ્યુ એડિશન (GVA) અને કુલ આઉટપુટની વાત આવે ત્યારે મહારાષ્ટ્ર દેશમાં મોખરે છે અને ત્યારબાદ ગુજરાતનો ક્રમ આવે છે. આ પાંચ રાજ્યો દેશના કુલ ઉત્પાદન GVA માં ૫૪ ટકાથી વધુનો માતબર ફાળો આપે છે. આ આંકડા દર્શાવે છે કે આ રાજ્યોની પ્રો-ઇન્ડસ્ટ્રી નીતિઓ, ઉત્કૃષ્ટ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અને ઇઝ ઓફ ડુઈંગ બિઝનેસ પ્રત્યેની પ્રતિબદ્ધતા તેમને ઔદ્યોગિક વિકાસના એન્જિન બનાવી રહી છે.

કોઈપણ ઉદ્યોગના વિકાસનો સાચો માપદંડ તેમાં આવતું નવું મૂડીરોકાણ અને તેની નફાકારકતા છે. નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ઉદ્યોગોમાં રોકાયેલી કુલ મૂડીમાં ૧૧.૧૦ ટકાનો ધરખમ વધારો થયો છે. સામે પક્ષે, ઉદ્યોગોના ચોખ્ખા નફામાં પણ ૭.૭૩ ટકાની વૃદ્ધિ નોંધાઈ છે. મૂડીરોકાણમાં બે આંકડાની વૃદ્ધિ દર્શાવે છે કે રોકાણકારો અને ઉદ્યોગપતિઓને ભારતીય બજાર અને ભવિષ્યની માંગ પર પૂરો ભરોસો છે. આ વિકાસમાં કેટલાક ક્ષેત્રોએ 'સુપરસ્ટાર' ની ભૂમિકા ભજવી છે. દેશના કુલ ઔદ્યોગિક વિકાસમાં સૌથી વધુ યોગદાન આપનારા મુખ્ય પાંચ ક્ષેત્રોમાં મૂળભૂત ધાતુ , મોટર વાહનો , રસાયણ અને રાસાયણિક ઉત્પાદનો, ફાર્માસ્યુટિકલ્સ અને ખાદ્ય પ્રક્રિયા નો સમાવેશ થાય છે. આ માત્ર પાંચ ઉદ્યોગો જ દેશના કુલ ઉત્પાદન GVA માં ૪૫ ટકાથી વધુ હિસ્સો ધરાવે છે. આ ક્ષેત્રોની સફળતા દર્શાવે છે કે ભારત હવે માત્ર સેવા ક્ષેત્ર પર નિર્ભર નથી રહ્યો, પરંતુ કોર ઉત્પાદન ક્ષેત્રે પણ વૈશ્વિક સ્પર્ધા માટે સજ્જ થઈ રહ્યો છે.

જોકે, આ ભવ્ય આંકડાઓની સાથે આપણે ભવિષ્યના પડકારોને પણ ધ્યાનમાં રાખવા પડશે. દેશના ૫૬% જેટલી રોજગારી માત્ર પાંચ રાજ્યો પૂરતી સીમિત છે, જે દેશની પ્રાદેશિક અસમાનતા તરફ પણ ઈશારો કરે છે. પૂર્વ અને મધ્ય ભારતના રાજ્યોએ પણ ગુજરાત, મહારાષ્ટ્ર કે તમિલનાડુ પાસેથી પ્રેરણા લઈને પોતાની ઔદ્યોગિક નીતિઓ વધુ આકર્ષક બનાવવી પડશે. સર્વાંગી વિકાસ ત્યારે જ શક્ય બનશે જ્યારે દેશના તમામ રાજ્યો ઔદ્યોગિક ક્રાંતિના આ મહાયજ્ઞમાં પોતાનું યોગ્ય યોગદાન આપશે. વધુમાં, વૈશ્વિક સ્તરે સપ્લાય ચેનમાં આવી રહેલા બદલાવો ('ચાઈના પ્લસ વન' નીતિ) નો મહત્તમ લાભ ઉઠાવવા માટે આપણે રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ (R&D), આધુનિક ટેક્નોલોજી અને સ્કીલ ડેવલપમેન્ટ (કૌશલ્ય વિકાસ) પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. MoSPI નો આ રિપોર્ટ 'મેક ઇન ઇન્ડિયા' અને 'આત્મનિર્ભર ભારત' અભિયાનની સફળતાનો જીવંત પુરાવો છે. ૧૪ લાખ નવી નોકરીઓ, ૨.૧૦ કરોડનો કુલ રોજગારીનો આંકડો, વેતનમાં ૧૨ ટકાનો વધારો અને મૂડીરોકાણમાં ૧૧ ટકાની વૃદ્ધિ - આ તમામ આંકડાઓ એક જ દિશા તરફ ઈશારો કરે છે કે ભારતનું મેન્યુફેક્ચરિંગ સેક્ટર હવે જાગૃત થઈ ચૂક્યું છે. જો આ જ ગતિ જળવાઈ રહેશે, તો ભારતને વૈશ્વિક મેન્યુફેક્ચરિંગ હબ અને વિશ્વની ત્રીજી સૌથી મોટી આર્થિક મહાસત્તા બનતા કોઈ રોકી શકશે નહીં. ભારતની આ ઔદ્યોગિક ક્રાંતિ ખરા અર્થમાં દેશના કરોડો યુવાનોના સપનાઓને પાંખો આપી રહી છે.

રૂપિયો 96 પાર! હવે પેટ્રોલ, સોનું, શેરબજાર અને મોંઘવારીનું શું થશે? વિચારવું જોઈએ...

ઈકો-નોમિક્સ

ડૉ.જયનારાયણ વ્યાસ

> **અત્યારે રૂપિયાની નબળાઈ પાછળ મોંઘું ક્રુડ, મજબૂત ડૉલર, વૈશ્વિક વ્યાજદર અંગેની અપેક્ષા, વિદેશી રોકાણકારોની મૂડીનું બહાર જવું અને મધ્યપૂર્વની ભૂરાજકીય અનિશ્ચિતતા જેવાં પરિબળો છે**

ડૉલર રૂ. ૯૬ પાર થઈ ગયો છે. પરંતુ સવાલ માત્ર એટલો નથી કે ડૉલર રૂ. ૯૬ થયો. સાચો સવાલ એ છે કે જો ડૉલર રૂ. ૧૦૦ની નજીક જશે તો આપણા જીવનમાં શું બદલાશે? પેટ્રોલ-ડીઝલ મોંઘાં થશે? રસોડાનો ખર્ચ વધશે? સોનાની કિંમત ક્યાં જશે? શેરબજાર પર શું અસર પડશે? અને ભારત જેવી ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા માટે રૂ. ૯૬નો ડૉલર માત્ર ચલણનો આંકડો છે કે કોઈ મોટી આર્થિક ચેતવણી?

૨૯ સપ્ટેમ્બરે રૂપિયો ડૉલર સામે ૯૬.૧૪ સુધી પહોંચી ગયો હતો, જ્યારે બ્રેન્ટ ક્રુડ લગભગ ૧૦૭ ડૉલર પ્રતિ બેરલ સુધી પહોંચ્યું હતું. એટલે એક તરફ મોંઘો ડૉલર અને બીજી તરફ મોંઘું ક્રુડ. ભારત માટે આ બેવડો માર છે, કારણ કે ભારત ઊર્જા માટે આયાત પર ભારે આધારિત છે.

રૂપિયો નબળો પડ્યો એટલે ભારત તરત ગરીબ થઈ ગયું એવું નથી. પરંતુ વિનિમય દર અર્થવ્યવસ્થા પરનાં અનેક દબાણોનું પ્રતિબિંબ હોય છે. અત્યારે રૂપિયાની નબળાઈ પાછળ મોંઘું ક્રુડ, મજબૂત ડૉલર, વૈશ્વિક વ્યાજદર અંગેની અપેક્ષા, વિદેશી રોકાણકારોની મૂડીનું બહાર જવું અને મધ્યપૂર્વની ભૂરાજકીય અનિશ્ચિતતા જેવાં પરિબળો છે. રોઈટરના અહેવાલ મુજબ સપ્ટેમ્બરમાં અત્યાર સુધી વિદેશી રોકાણકારોએ ભારતીય શેર અને બોન્ડમાંથી આશરે ૩.૭ અબજ ડૉલર પાછા ખેંચ્યા છે, જ્યારે આખા વર્ષનો મૂડી બહાર જવાનો પ્રવાહ લગભગ ૧૯.૬ અબજ ડૉલર સુધી પહોંચ્યો હોવાનું જણાવાયું છે. રોકાણકારો રૂપિયા વેચીને ડૉલર ખરીદે ત્યારે ડૉલરની માંગ વધે છે અને રૂપિયા પર વધુ દબાણ આવે છે.

મોંઘું ક્રુડ કેમ ચિંતાનો વિષય છે? કોઈ પૂછે કે 'મારે ક્રુડ સાથે શું લેવાદેવા?'તો જવાબ છે - ઘણું મોટું લેવાદેવા છે. કાર, બસ, ટ્રક, ખાતર, પ્લાસ્ટિક, રસાયણો અને અનેક ઉદ્યોગોના ખર્ચમાં ઊર્જાનો મોટો ભાગ છે. એટલે ક્રુડ માત્ર પેટ્રોલ પંપની વસ્તુ નથી; તે સમગ્ર અર્થવ્યવસ્થાના ખર્ચને અસર કરે છે. જો ક્રુડ $107 અને ડૉલર રૂ.૯૬ હોય તો ભારતે મોંઘું તેલ મોંઘા ડૉલરમાં ખરીદવું પડે છે. આયાત બિલ વધે છે, ડૉલરની માંગ વધી શકે છે, રૂપિયા પર દબાણ આવે છે અને આયાતી મોંઘવારીનું જોખમ વધે છે.

પરંતુ તેનો અર્થ એ નથી કે પેટ્રોલ આવતીકાલે જ રૂ.૧૫૦ થઈ જશે. પેટ્રોલ-ડીઝલના ભાવ પર ક્રુડ ઉપરાંત કરવેરા, રિફાઈનિંગ ખર્ચ, માર્કેટિંગ માર્જિન અને સરકારી નીતિ પણ અસર કરે છે. મુખ્ય પ્રશ્ન એ છે કે ક્રુડ $100થી ઉપર થોડા દિવસ રહે છે કે ઘણા મહિના.

શેરબજાર આજની સ્થિતિ કરતાં આવતી કાલની કમાણી જુએ છે. ક્રુડ મોંઘું થાય તો કંપનીનો ખર્ચ વધે છે. રૂપિયો નબળો પડે તો આયાતી કાચો માલ મોંઘો થાય છે. મોંઘવારી વધે તો વ્યાજદર અંગે ચિંતા વધે છે અને જો અમેરિકામાં વ્યાજદર ઊંચા રહે તો વિદેશી રોકાણકારોને અમેરિકન બોન્ડ વધુ આકર્ષક લાગી શકે છે. એટલે બજારની નબળાઈ પાછળ એક નહીં પરંતુ અનેક પરિબળો છે - મોંઘું ક્રુડ, નબળો રૂપિયો, વિદેશી મૂડીનો બહાર જતો પ્રવાહ, ઊંચા વૈશ્વિક વ્યાજદર અને ભૂરાજકીય જોખમ. RBI પાસે રૂપિયાને ટેકો આપવા માટે અનેક સાધનો છે અને જરૂર પડે ત્યારે તે વિદેશી વિનિમય બજારમાં હસ્તક્ષેપ કરી શકે છે. RBIની વિવિધ કામગીરી દ્વારા બેન્કિંગ સિસ્ટમમાંથી લગભગ ૨૦ અબજ ડૉલર જેટલી વધારાની રૂપિયાની પ્રવાહિતા શોષાઈ હોવાનું જણાવાયું છે. પરંતુ RBI પણ બજાર સામે અનંત સમય સુધી લડી શકતું નથી. તેને મોંઘવારી, વૃદ્ધિ, બેન્કિંગ પ્રવાહિતા, વિદેશી મુદ્રા ભંડાર, વ્યાજદર અને નાણાંકીય સ્થિરતા વચ્ચે સંતુલન જાળવવું પડે છે. આ પરિસ્થિતિમાં સામાન્ય માણસ અને રોકાણકારે શું કરવું? સૌથી પહેલાં ગભરાવું નહીં. પરંતુ આગામી મહિનાઓના ખર્ચનું આયોજન સાવચેતીથી કરવું યોગ્ય છે. ડૉલર વધ્યો એટલે તરત સોનું કે શેર ખરીદવા કે વેચવા દોડવું નહીં. રોકાણકાર માટે સૌથી મહત્ત્વનો પ્રશ્ન છે, મારી જોખમ સહન કરવાની ક્ષમતા કેટલી છે? લાંબા ગાળાના રોકાણકાર માટે એક દિવસના બજાર ઘટાડા પરથી નિર્ણય લેવો યોગ્ય નથી. પરંતુ બજાર ઘટ્યું એટલે બધું સસ્તું થઈ ગયું છે એવું માનવું પણ ભૂલ છે. કંપનીની કમાણી, દેવું, રોકડ પ્રવાહ, વ્યવસાયની મૂળભૂત સ્થિતિ અને શેરની કિંમત આ બધું જોવું જરૂરી છે. જો તમે કોઈ સારો શેર ધરાવો છો તો ભાવ ઘટ્યો છે એટલા માટે જ વેચવાની જરૂર નથી; પહેલાં જુઓ કે કંપનીનો મૂળભૂત વ્યવસાય બદલાયો છે કે નહીં. બીજી તરફ માત્ર ભાવ ઘટ્યો છે એટલે ખરીદી પણ ન કરો. શું ડૉલર 100 થશે? આજે કોઈ ચોક્કસ કહી શકાય નહીં. તે ક્રુડના ભાવ, મધ્યપૂર્વની સ્થિતિ, અમેરિકાના વ્યાજદર, વિદેશી રોકાણકારોના પ્રવાહ, ભારતના આયાત બિલ અને RBIની નીતિ પર આધારિત રહેશે. જો ક્રુડ ઝડપથી નીચે આવે અને ભૂરાજકીય તણાવ ઘટે તો પરિસ્થિતિ સુધરી શકે. પરંતુ જો ક્રૂડ $110-$120 તરફ જાય અને વિદેશી મૂડીનો બહાર જવાનો પ્રવાહ ચાલુ રહે તો દબાણ વધી શકે. આ ભવિષ્યવાણી નથી, આ સંભવિત પરિસ્થિતિઓનું વિશ્લેષણ છે.

રૂ.૯૬નો ડૉલર એટલે ભારતની અર્થવ્યવસ્થા નિષ્ફળ થઈ ગઈ એવું નથી. ભારત હજુ પણ મોટી અને ઝડપથી વિકસતી અર્થવ્યવસ્થા છે. પરંતુ મજબૂત અર્થવ્યવસ્થા પણ બાહ્ય આંચકાથી સંપૂર્ણપણે સુરક્ષિત નથી. ખાસ કરીને ઊર્જા આયાત ભારતની એક લાંબા ગાળાની નબળાઈ છે. સોલાર ઊર્જા, વિદ્યુત વાહનો, ગ્રીન હાઈડ્રોજન, બાયોફ્યુઅલ, પરમાણુ ઊર્જા અને સ્થાનિક ઊર્જા ઉત્પાદન હવે માત્ર પર્યાવરણના મુદ્દા નથી; તે ભારતની આર્થિક સુરક્ષાના પણ મુદ્દા છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

મારું કામ દીવો પ્રગટાવવાનું છે

ચાર્જિંગ પોઈન્ટ

હેતા ભૂષણ

એક ગામમાં છેવાડે એક વૃદ્ધ દાદા નાનકડી ઝૂંપડીમાં રહેતા હતા.તેમની ઝૂંપડીથી થોડે દૂર જ ગામની હદ પૂરી થતી હતી અને જંગલ શરૂ થતું હતું.વૃદ્ધ દાદા છેલ્લાં અમુક વર્ષોથી રોજ દર સાંજે ગામના છેવાડા પર દીવા પ્રગટાવતા જેથી આવતા જતા વટેમાર્ગુઓને ખબર પડે કે અહીં ગામની વસ્તીની શરૂઆત છે અને સામેની તરફ જંગલ છે એટલે અંધારામાં કોઈ રસ્તો ભૂલી જંગલમાં અટવાઈ ન જાય.વર્ષોથી વૃદ્ધ દાદા રોજ સાંજે દીવા પ્રગટાવતા તેથી ગામલોકો તેમને દીવાવાળા દાદા તરીકે જ ઓળખવા લાગ્યા. એક સાંજે દાદા રોજના ક્રમ મુજબ એ દીવા પ્રગટાવી અને ઝૂંપડીના દરવાજે બેઠા હતા. સાંજ ઢળી ગઈ અને રાત્રીનો અંધકાર ફેલાયો પણ દીવા માર્ગને અજવાળી રહ્યા હતા. થોડી વારમાં અચાનક ખૂબ જોરદાર પવન વાયો અને એક પછી એક બધા દીવા બુઝાઈ ગયા. વૃદ્ધ દાદા ફરી ઊઠ્યા અને દીવા પ્રગટાવવા લાગ્યા.દીવા ફરી બુઝાઈ ગયા.ગામના લોકોએ કહ્યું,''દાદા આજે રહેવા દો. આ દીવા પ્રગટાવવાનો કોઈ અર્થ નથી કારણ તોફાની પવન બહુ જોરદાર છે. દીવા બુઝાઈ જ જશે.''પણ વૃદ્ધ દાદા તો પોતાનું કામ કરવામાં જ મગ્ન હતા. વૃદ્ધે એક દીવો ફરી પ્રગટાવ્યો.પવન આવ્યો અને દીવો બુઝાઈ ગયો. તેમણે ફરી પ્રગટાવ્યો.બીજો દીવો પ્રગટાવ્યો ત્યાં પવન ફરી આવ્યો અને દીવા બુઝાઈ ગયા.વૃદ્ધે ફરી દીવા પાસે પાસે મૂક્યા અને પ્રગટાવ્યા અને પોતે પવનની દિશામાં આડશ આપી ઊભા રહ્યા.દીવા પ્રકાશ આપવા લાગ્યા અને પવન તો ફૂંકાઈ રહ્યો હતો.

એક યુવાન નજીક આવ્યો અને પૂછ્યું, ''દાદા, આમ કેટલી વાર ઊભા રહેશો અને વધુ તેજ પવન ફૂંકાશે તો દીવા બુઝાઈ જ જશે અને જ્યારે તમને ખબર છે કે પવન ફરી દીવો બુઝાવી દેશે, તો તમે વારંવાર કેમ પ્રગટાવો છો?'' વૃદ્ધ હસ્યા અને બંને હાથની હથેળીઓની વચ્ચે દીવાઓને જાળવતા બોલ્યા, ''પવન દીવા ભલે બુઝાવી નાખે પણ હું દીવા પ્રગટાવું છું કારણ કે પવનનું કામ છે દીવો બુઝાવવાનું અને મારું કામ છે તેને ફરી પ્રગટાવવાનું.'' દાદાનો જવાબ યુવાનને સ્પર્શી ગયો. તે પણ દાદા સાથે ફૂંકાતા પવન વચ્ચે દીવાને બુઝાઈ જતાં અટકાવવાના કામમાં જોડાયો.બીજાં બે-ત્રણ ગામલોકો પણ આવ્યાં. દાદાએ વધુ દીવા પ્રગટાવ્યા.થોડા સમય પછી પવન શાંત થયો અને રસ્તો ફરી પ્રકાશિત થયો.જીવનમાં મુશ્કેલીઓ આવતી રહેશે. મુસીબતનો ઝંઝાવાત ભલે આપણો દીવો બુઝાવી શકે છે, પરંતુ તેને ફરી પ્રગટાવવાની હિંમત અને લગનને બુઝાવા દેવી નહિ.સતત દીવા પ્રગટાવતા રહેવું કારણ કે જીવનમાં ફરી પ્રકાશિત થવું કે અંધકાર સ્વીકારી લેવો તે આપણે નક્કી કરવાનું છે.

સરકારી નીતિ કુટુંબવ્યવસ્થા પર કેટલી અસર કરી શકે?

ફીર દેખો યારોં

બીરેન કોઠારી

> **સવાલ એ આવે કે આપણે જીવનસાથી પસંદ કરીએ છીએ કે કુટુંબ પણ પસંદ કરીએ છીએ?**

સરકારની કોઈ નીતિની અસર કેટલા વર્ષ સુધી રહે? નીતિ બદલાય ત્યાં સુધી કે પછી પણ? ચીનના અનુભવ પરથી કહી શકાય કે તેની અસર કદાચ પેઢીઓ સુધી રહી શકે છે. આ અસર વસ્તીના આંકડામાં જ નહીં, માનવસંબંધોમાં પણ જોવા મળી શકે છે. એ શી રીતે?

વસ્તીવધારાને કાબૂમાં લેવા માટે ચીને 1979માં 'એક સંતાનની નીતિ' અમલમાં મૂકી હતી. 2015માં આ નીતિ હટાવી દેવામાં આવી. હવે ચીની દંપતીઓને એક કરતાં વધુ સંતાન રાખવાની છૂટ છે. પરંતુ નીતિ નાબૂદ થઈ ગઈ એટલે તેના કારણે ઊભી થયેલી એક પેઢીની માનસિકતા પણ તરત બદલાઈ જાય એવું નથી.

અમેરિકાની ઓહાયો સ્ટેટ યુનિવર્સિટીના સંશોધક ફાંગચી વેનના એક પ્રાથમિક અભ્યાસમાં જાણવા મળ્યું છે કે જે લોકો પોતે એકમાત્ર સંતાન તરીકે મોટાં થયાં છે, તેઓ એવા જીવનસાથીને પસંદ કરવાની શક્યતા વધારે ધરાવે છે જે પણ પોતાનાં માતા-પિતાનું એકમાત્ર સંતાન હોય. પહેલી નજરે આ વાત સામાન્ય લાગે. પરંતુ તેની પાછળનું સામાજિક ગણિત રસપ્રદ છે. ભાઈ-બહેન વિના મોટાં થયેલાં બાળક માટે માતા-પિતાનું આખું ધ્યાન તેના પર હોય. તેમની મિલકતમાં બીજું કોઈ હિસ્સેદાર ન હોય. પરંતુ લગ્ન પછી સ્થિતિ બદલાય છે. જીવનસાથી સાથે તેના આખા કુટુંબનો પણ સંબંધ બંધાય છે. જીવનસાથીને બે-ત્રણ ભાઈ-બહેન હોય તો એ પણ નવા સંબંધનો હિસ્સો બને છે. માતા-પિતાની સંભાળ, મિલકત અને કુટુંબની જવાબદારીઓમાં પણ ભાઈ-બહેનોની ભૂમિકા રહે છે. એટલે બંને એકમાત્ર સંતાન હોય ત્યારે કદાચ બંનેને પરિચિત એવી કુટુંબવ્યવસ્થા મળે છે.

એટલે સવાલ એ આવે કે આપણે જીવનસાથી પસંદ કરીએ છીએ કે કુટુંબ પણ પસંદ કરીએ છીએ?

ભારતીય સંદર્ભમાં આ સવાલનો જવાબ અલગ હોઈ શકે છે. ભારતમાં લગ્નને બે પરિવારોનું જોડાણ માનવાનું સમાજના મોટા હિસ્સામાં જોવા મળે છે. જીવનસાથીની સાથે તેનાં માતા-પિતા, ભાઈ-બહેન અને વિસ્તૃત કુટુંબ પણ આપણા સંબંધનો ભાગ બને છે. અલબત્ત, આ સ્થિતિ ઝડપથી બદલાઈ રહી છે. શહેરોમાં સંયુક્ત કુટુંબો ઘટી રહ્યાં છે અને નાનાં કુટુંબો વધી રહ્યાં છે. આ પરિવર્તનને માત્ર 'કુટુંબ નાનું થઈ રહ્યું છે' એમ કહીને સમજવું પૂરતું નથી. કુટુંબ નાનું થાય ત્યારે સંબંધો નિભાવવાની સમજણ પણ બદલાય છે. આ પરિવર્તનને માત્ર 'કુટુંબ નાનું થઈ રહ્યું છે' એમ કહીને સમજવું પૂરતું નથી. ભાઈ-બહેન સાથે ઉછરવું એ માત્ર સાથે રમવાનું કે ઝઘડવાનું નથી. એ વહેંચવાનું શીખવાની પ્રક્રિયા છે. ક્યારેક પોતાની વાત મનાવવી, તો ક્યારેક બીજાની વાત સ્વીકારવી પડે છે. માતા-પિતાનું ધ્યાન વહેંચાય છે. ઘરમાં પોતાનું સ્થાન બનાવવા માટે વાટાઘાટ કરવી પડે છે. આ અનુભવો માણસને અન્ય સંબંધોને સમજવામાં મદદ કરતા હોય છે.

એકમાત્ર સંતાન તરીકે મોટા થવાની પણ કેટલીક વિશેષતાઓ છે. માતા-પિતાનું વધુ ધ્યાન અને વધુ સ્વતંત્રતા મળી શકે છે. પરંતુ માતા-પિતાની અપેક્ષાઓનો ભાર પણ એક જ વ્યક્તિ પર આવી શકે છે. વૃદ્ધાવસ્થામાં તેમની જવાબદારી વહેંચવા ભાઈ-બહેન ન હોય.

ચીનમાં એક સંતાનની નીતિનો ઉદ્દેશ વસ્તીનિયંત્રણ હતો. પરંતુ તેની લાંબા ગાળાની અસર એવી પણ થઈ કે તેણે કુટુંબનું સ્વરૂપ બદલી નાખ્યું. હવે ચીનમાં જન્મદર વધારવા માટે સરકાર લોકોને વધુ સંતાન રાખવા પ્રોત્સાહિત કરી રહી છે. છતાં માત્ર નીતિ બદલવાથી લોકોના નિર્ણયો બદલાતા નથી. એક વાર કુટુંબવ્યવસ્થા બદલાઈ જાય પછી બાળઉછેરનો ખર્ચ, ઘરની જવાબદારી, વ્યક્તિગત સ્વતંત્રતા અને સંતાન અંગેની અપેક્ષાઓ પણ બદલાય છે.

વસ્તીની નીતિની સૌથી દીર્ઘકાલીન અસર કદાચ વસ્તીના આંકડામાં નહીં, પરંતુ લોકોના સંબંધોમાં જોવા મળે છે. ભારત માટે આ વિચારવા જેવી વાત છે. આપણે ચીન જેવા એક સંતાનના અનુભવમાંથી પસાર થયા નથી. પરંતુ શહેરીકરણ, શિક્ષણ, રોજગાર, વધતો જીવનખર્ચ અને વ્યક્તિગત પસંદગીને મળતું મહત્ત્વ આપણાં કુટુંબોને પણ ઝડપથી બદલી રહ્યાં છે.

આવતી પેઢીમાં વધુ બાળકો એક માત્ર સંતાન હોઈ શકે છે. વધુ લોકો ભાઈ-બહેન વિના મોટાં થશે. તેમના માટે કુટુંબનો અર્થ અલગ હોઈ શકે છે. લગ્નમાં જીવનસાથીનાં ભાઈ-બહેન કેટલાં છે એ સવાલ ઓછો અને બે વ્યક્તિઓ એકબીજાને કેટલો અવકાશ આપે છે એ વધુ મહત્ત્વનું બને. નાનું કુટુંબ માણસને વધુ સ્વતંત્ર બનાવી શકે છે, પરંતુ મોટું કુટુંબ માણસને સંબંધો સંભાળવાની તક આપે છે. ભાઈ-બહેન સાથે ઉછરવામાં જે ઘર્ષણ છે, તેમાં જ સહનશીલતા પણ શીખાય છે. વહેંચવામાં જ સહભાગિતાનો પાઠ મળે છે. આ અનુભવો માણસને અન્ય સંબંધો સમજવામાં મદદ કરતા હોય છે.

એટલે સવાલ એ નથી કે મોટું કુટુંબ સારું કે નાનું કુટુંબ. સવાલ એ છે કે કુટુંબનું કદ બદલાય ત્યારે સંબંધોની આપણી સમજ કેવી રીતે બદલાય છે. ચીનનો એક સંતાનનો પ્રયોગ આ વાત સમજાવે છે. સરકાર વસ્તી નિયંત્રિત કરવા માટે નીતિ બનાવી શકે છે. પરંતુ માણસો કેવી રીતે મોટાં થશે, કોની સાથે મોટાં થશે અને પછી કોને પોતાના જીવનમાં સ્થાન આપશે તેની અસર નીતિ કરતાં ઘણી લાંબી ચાલે છે. આખરે કુટુંબ માત્ર લોકોની સંખ્યા નથી. તે માણસને સંબંધો શીખવતું પહેલું એકમ છે. કુટુંબ નાનું કે મોટું હોવું એક બાબત છે, પરંતુ તેમાં માણસે બીજાને કેટલો અવકાશ આપતાં શીખવું એ કદાચ વધુ મહત્ત્વની વાત છે.

- આ લેખમાં પ્રગટ થયેલાં વિચારો લેખકનાં પોતાના છે.

ચર્ચાપત્ર

charchapatra@gujaratmitra.in

મત પવિત્ર ફરજ કે કિંમતી હોવાનું માની શકાય?

દુનિયાની સૌથી વિશાળ લોકશાહી ધરાવતા ભારત દેશમાં ચૂંટણીપંચની વિશ્વસનીયતા સામે, પક્ષપાત કર્યાના, ચૂંટણી પ્રક્રિયામાં ગેરરીતિઓ આચરવા જેવા ગંભીર આક્ષેપો થતાં હોય તેવા સમયે ન્યૂઝ ચેનલ પર દેશની સર્વોચ્ચ અદાલત તેમજ આંતરરાષ્ટ્રીય અદાલતના વિદ્વાન વકીલમિત્ર નિવેદન કરી જણાવે કે, ભારત દેશમાં ' Instagram Trial ' થકી સોશ્યલ મીડિયા પર કાયદાકીય બાબત અનુમાનિત થાય છે, કેટલાક ' Stand up comedians ' બંધારણીય સંસ્થાઓની તેમજ લોકપ્રતિનિધિઓની વ્યંગાત્મક ટિપ્પણીઓ કરતા હોય છે જે દેશની વૈશ્વિક છબીને હાનિકારક છે. અમેરિકા જેવા દેશમાં પણ ચૂંટણીમાં ગેરરીતિઓ થવાના આક્ષેપો થાય છે તેથી તે માટે કોર્ટ જ એક વિકલ્પ છે. અહીં પ્રશ્ન એ ઉદ્ભવે છે કે જ્યારે કોર્ટમાં વર્ષોથી પેન્ડીંગ કેસોના નિકાલ થવાના બાકી હોય 'Judicial Trial' માટે દરેક ગેરરીતિઓ બાબતે નામદાર કોર્ટ સમક્ષ જવું બુદ્ધિગમ્ય કહી શકાય? મતાધિકાર લોકશાહી દેશ માટે અનિવાર્ય હોવાનું માનવા માટે વિશ્વસનીય લોકો શોધવા કયાં?

સુરત -પ્રફુલ ઝવેરી

હવે નવરાત્રી,ભક્તિ અને શ્રદ્ધા શૂન્ય

નવરાત્રી હવે નવ રાતની નથી રહી. છેલ્લાં બેએક વર્ષથી, પ્રિ નવરાત્રી નામનું એક નવું ગતકડું નીકળ્યું જે શ્રાદ્ધપક્ષની રાત્રીઓમાં યોજાય છે. જેમ સફેદ રંગ કે અન્ય રંગના પોશાકનો ડ્રેસકોડ આયોજકો તરફથી રાખવામાં આવે છે. સામાન્ય સમજથી વિચારો તો આ દિવસોમાં આયોજકો, સંગીતકારો, ગાયકો, મંડપવાળાઓ આ ગાંડી ગુજરાતણોને ઘેલી કરે છે. જ્યાં પૈસા ખંખેરી લેવા સિવાય કોઈ ઉદ્દેશ નથી. ઉત્તર ગુજરાતનાં લાખો શ્રદ્ધાળુઓ અંબા માતાને નોરતામાં પધારવાની વિનવણી કરવા જાય છે. એવા સમાચાર છે જ્યારે આપણે ત્યાં જેમાં કોઈ ભક્તિ કે માતાજીની આરાધના નથી એવાં આયોજનોને રંગેચંગે વધાવવાની હોડ લાગી છે. બહેનોનાં વિવિધ મંડળો, સો.મીડિયા તથા વર્તમાનપત્રો થકી આવાં વરવાં પ્રદર્શનોને બિલકુલ પ્રોત્સાહિત નહીં કરવાં જોઈએ.

સુરત -ભૂપેન્દ્ર રાયજી

સુરતનું એરપોર્ટ

મુંબઈમાં ખરાબ હવામાનને કારણે સુરતના એરપોર્ટ પર ૯ ફ્લાઈટ્સ ડાયવર્ટ કરાઈ. આ ૯ ફ્લાઈટ્સ પૈકી ૩ ફ્લાઈટ્સ તો ઈન્ટરનેશનલ હતી. એટલે કે ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ લેવલનાં વિમાનોનું સફળતાપૂર્વક લેન્ડીંગ સુરતના એરપોર્ટ પર શક્ય છે અને તેની જાળવણી તથા આટલાં બધાં પેસેન્જરોની સગવડો સાચવવાની ત્રેવડ પણ એરપોર્ટ ઓથોરિટી પાસે છે અને એક વાર આવા વિમાનનું લેન્ડીંગ થયું છે તો ટેક ઑફ પણ અવશ્ય થશે જ. જો સુરતનું ઈન્ટરનેશનલ એરપોર્ટ આટલું સક્ષમ હોય તો ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ ગણી-ગાંઠી જ કેમ? સુરત સાથે મધ્ય પૂર્વના દેશોના દુબઈ ઉપરાંત સાઉદી અબુધાબી, કુવૈત, કતાર તથા પૂર્વમાં સિંગાપોર મલેશિયા જેવા દેશોના એરપોર્ટ સાથે સુરતની કનેક્ટિંગ ફ્લાઈટ્સનું આયોજન કરવામાં આવે તો ભવિષ્યમાં સુરતથી એક જ PNR પર અમેરિકા, કેનેડા, ઑસ્ટ્રેલિયા, ન્યૂઝીલેન્ડ જેવા દેશોનો પ્રવાસ, વન સ્ટોપ લે ઓવર સાથે સરળતાથી થઈ શકે. સુરતને ખરા અર્થમાં ઈન્ટરનેશનલ એરપોર્ટ બનતાં અટકાવે છે કોણ? અરે, એરપોર્ટનું નામકરણ કરવામાં પણ વર્ષો થઈ ગયાં. હજી સુધી તેને યોગ્ય નામ પણ નથી આપી શક્યા.

સુરત -હિરેન દેસાઈ

સોશ્યલ મીડિયાના યુગમાં દાનની પવિત્રતા

આજના ડિજિટલ યુગમાં સેવા અને દાનનો અર્થ ક્યાંક ને ક્યાંક લાઈક્સ, કમેન્ટ્સ અને 'રીલ્સ'ના વ્યુઝ વચ્ચે ખોવાઈ રહ્યો છે. વ્યક્તિ જ્યારે કોઈ ગરીબ, પીડિત કે જરૂરિયાતમંદને દાન આપે છે અને એ ક્ષણનો કેમેરા સામે ફોટો કે વિડીયો બનાવીને સોશ્યલ મીડિયા પર મૂકે છે ત્યારે એ દાન નહીં પરંતુ એક પ્રકારનું પ્રદર્શન બની જાય છે. આપણે એ ભૂલી જઈએ છીએ કે સામે ઊભેલો માણસ પરિસ્થિતિનો માર ખાધેલો હોઈ શકે છે, પરંતુ તેની પાસે પણ પોતાનું સ્વમાન અને સ્વાભિમાન છે. તમે તેને થોડી આર્થિક કે ભૌતિક મદદ તો આપો છો, પણ બદલામાં તેની આત્મશ્રદ્ધા અને આત્મસન્માન છીનવી લો છો. શૂટિંગ કેમેરા સામે થતું દાન એ મદદ નહીં પણ એ વ્યક્તિના સ્વાભિમાન પર વાર છે. દાન પાછળનો મૂળ હેતુ પુણ્ય, સત્કર્મ અને નિઃસ્વાર્થ ભાવે કરુણા દર્શાવવાનો છે. જો દાન આપ્યા પછી તેનો વિડીયો કે રીલ બનાવીને પબ્લિસિટી મેળવવી પડે, તો એ સાચું દાન નથી પણ વ્યાપાર છે.

ભરૂચ -રાજ હેતલસિંહ

થોડુંક શ્રાદ્ધ વિશે

શ્રીમદ્ ભગવદ્ ગીતામાં દેહના ૩ પ્રકાર કહ્યા છે - સ્થૂળ શરીર, સૂક્ષ્મ શરીર (આત્મા) અને કારણ. મૃત્યુ થયા બાદ સ્થૂલ શરીર એટલે કે ભૌતિક દેહનો અગ્નિસંસ્કાર સાથે જ નાશ થાય છે, પણ સૂક્ષ્મ શરીર (આત્મા)નો નાશ થતો નથી. આ આત્મા બીજા દેહમાં પ્રવેશ ન કરે ત્યાં સુધી અતૃપ્ત વાસનાઓ સાથે અંતરિક્ષમાં ભટકતા રહે છે. આ આત્માની ઈચ્છાઓ (કામનાઓ) પૂર્ણ કરવા નજીકનાં સગાંઓ મન-વચન અને કર્મથી શ્રદ્ધાપૂર્વક જે તર્પણ કરે છે તેને '"શ્રાદ્ધ'કહેવાય છે. પોતાના પૂર્વજોને શ્રદ્ધાપૂર્વક કરવામાં આવતું તર્પણ તે શ્રાદ્ધ! શ્રાદ્ધ શબ્દ શ્રદ્ધા પરથી આવ્યો છે. તે ભાદરવા સુદ પૂનમથી અમાસ સુધી ચાલે છે. શ્રાદ્ધની સૌ પ્રથમ શરૂઆત બ્રહ્મદેવના માનસપુત્ર અત્રિ ઋષિએ (સપ્તર્ષિમાંના એક ઋષિ) કરી હતી. સંપૂર્ણ શાસ્ત્રોક્ત શ્રાદ્ધવિધિ મનુ ભગવાને કરી હતી. તેથી તેમને 'શ્રાદ્ધદેવ' પણ કહેવાય છે. ભગવાન શ્રીરામે પણ તેમના પિતા દશરથના આત્માને શાંતિ મળે માટે શ્રાદ્ધ વિધિ કરી હતી. ચાલો, આપણે પણ આ શ્રાદ્ધ પક્ષમાં પિતૃઓનું સ્મરણ કરીને તેમણે આપેલા સંસ્કારોનું જતન કરીએ.

સુરત -ડૉ. કિરીટ ડુમસિયા

શ્રાધ્ધ પક્ષની સાર્થકતા

હાલમાં આપણી ભારતીય સંસ્કૃતિમાં પિતૃઓના સ્મરણ અને આત્માની શાંતિ માટે પવિત્ર શ્રાદ્ધ પક્ષ ચાલી રહ્યો છે. જે પિતૃઓના આશીર્વાદથી આપણું અસ્તિત્વ છે, તેમના પ્રત્યે આદર અને કૃતજ્ઞતા વ્યક્ત કરવાનો આ ઉત્સવ આપણી સમૃદ્ધ માતૃ-પિતૃઋણ ચૂકવવાની પરંપરાનો એક ભાગ છે. આપણો દેશ અને ધર્મ જે પ્રગાઢ પરિવારભાવ માટે ઓળખાય છે, ત્યાં જ બીજી તરફ વૃદ્ધાશ્રમોની વધતી સંખ્યા અને તેમાં વસતા વડીલોની ઉપેક્ષા પણ એક કડવી વાસ્તવિકતા બની રહી છે. આપણે એ ગંભીરતાથી વિચારવાની જરૂર છે કે શાસ્ત્રોમાં જે 'માતૃ-પિતૃદેવો ભવઃ' નો સંદેશ આપવામાં આવ્યો છે. એને માતા-પિતા અને વડીલો હયાત હોય ત્યારે જ, તેમનું યોગ્ય માન-સન્માન, પ્રેમ, સેવા અને સમય આપવા સાથે સાંકળી લેવાનો હોય છે. સદગત પિતૃઓ પાછળ કાગવાસ નાખવો કે દાન-પુણ્ય કરવું એ સારી ભાવના હશે, પરંતુ તેમની ગેરહાજરીમાં તર્પણ કરવા સાથે જો હયાત વડીલોને પણ એ જ સ્નેહ અને હુંફ મળે, તો જ આપણી સંસ્કૃતિનો મૂળ આત્મા જળવાઈ રહેશે. શ્રાદ્ધ પક્ષ એ માત્ર એક કર્મકાંડ બનીને ન રહી જાય, પણ આપણા ઘરમાં રહેલા વડીલોના ચહેરા પર સ્મિત લાવવાનું એક માધ્યમ બને. જે દિવસે દરેક ઘરમાં વડીલોનો આદર થશે, તે દિવસે વૃદ્ધાશ્રમોની જરૂરિયાત આપોઆપ જ ઘટી જશે. આ સાથે એક નમ્ર ચિંતન રજૂ કરવાનો જ આશય છે કે આપણે મરણોત્તર શ્રાદ્ધની સાથે સાથે 'જીવંત શ્રાદ્ધ' એટલે કે હયાત માતા-પિતા અને વડીલોની સેવા-સંભાળને પણ તેટલું જ પ્રાધાન્ય આપીએ; એ જ સાચું શ્રાદ્ધ છે.

સુરત- ચારુલતા અનાજવાળા